
## વડીલોને વંદન

## અભિનંદન



કલાવતીબેન અંબાલાલ રાવલ
(૧૯૩૧) ફોન: ૨૩૨૫૭૯૭



રસિકલાલ પુરૂષોત્તમદાસ
(૧૯૪૪) મો.૯૯૯૮૭૧૪૨૬૧

# શાળા, કોલેજોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત કરવા માંગ

### ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવાના હેતુસર વિદ્યાર્થીઓ અને વાલી દ્વારા ઉગ્ર રજુઆત શરૂ થઈ : મામલો ગરમ બન્યો

અમદાવાદ, તા.૦૯

તાજેતરમાં શહેરનાં ઘીકાંટા વિસ્તારમાં આવેલ આર.એચ. કાપડીયા સ્કુલમાં પીટી શિક્ષક દ્વારા ધોરણ-૧નાં માસુમ વિદ્યાર્થી સાથે દુષ્કૃત્યનો મામલો પ્રકાશમાં આવ્યો હતો ત્યારે લોકમાં દરેક શાળાઓ, કોલેજો અને હોસ્ટેલોમાં સીસીટીવી કેમેરા રાખવાની પણ વાત ચર્ચાઈ રહી છે. જો સીસી ટીવી કેમેરા હોય તો શાળાઓમાં, કોલેજોમાં અને હોસ્ટેલોમાં થતી ગુનાહીત પ્રવૃત્તિઓ અટકાવી શકાય તેમજ વિદ્યાર્થીઓ શાળા દરમિયાન અભ્યાસમાં ધ્યાન આપી શકે તે અંગે પણ જાણકારી મેળવી શકાય.

આ બાબતને ધ્યાનમાં રાખીને વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને શાળાઓ, કોલેજો અને હોસ્ટેલોમાં સીસીટીવી કેમેરા મુકવાની માંગ કરાઈ છે. અમદાવાદની મોટાભાગની શાળાઓ, હોસ્ટેલો અને કોલેજોમાં સીસીટીવી કેમેરાનો અભાવ હોવાથી આવી સંસ્થાઓમાં ઘણીવાર ચોરી અને અનેક ગુનાહીત પ્રવૃત્તિઓ તેમજ શાળા તથા કોલેજોની ઉપયોગી વસ્તુઓ જેવી કે કોમ્પ્યુટર, ટીવી, રોકડ રકમ, ઓફીસ રેકર્ડ તેમજ કિંમતી વસ્તુઓની ઉઠાંતરી કરવાના બનાવો અગાઉ પણ બન્યા છે. વારંવાર તસ્કરો શાળા અને કોલેજોને નિશાન બનાવી ચોરીયો કરી જાય છે, સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તો આ બાબતે સતર્ક રહી શકાય અને સીસી ટીવી કેમેરામાં ચોરને પકડી શકાય ઉપરાંત શાળા તથા કોલેજો અને હોસ્ટેલમાં થતી સમાજને લાંછનરૂપ એવી ઘટનાઓ પણ પ્રકાશમાં આવી શકે છે અને કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો દ્વારા થતા અડપલા તથા છેડછાડ બાબતે પણ જાગૃત રહી શકાય.



પાલનપુર શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં આવેલ ડૉ. પ્રકાશ દેસાઈને ત્યાં એક પ્રસૂતાને ડીલેવરી બાદ હાલત ગંભીર બનતા અમદાવાદ ખસેડવામાં આવી હતી. જ્યાં બે દિવસ બાદ પ્રસૂતા મહિલાનું મોત થતા પરિવારજનોએ પાલનપુરના તબીબની બેદરકારીથી પ્રસૂતાનું મોતનો આક્ષેપ કર્યો હતો. આથી પાલનપુરની હોસ્પિટલમાં ભારે હોબાળો મચી ગયો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પાણીના હોજની દિવાલ તૂટી પડતા એક બાળકીનું મોત થયુ

### નરોડા-દહેગામ રોડ નજીકનો બનાવ : અન્ય એક બાળકીને ઈજા થતા હોસ્પિટલમાં દાખલ કરાઈ

અમદાવાદ, તા.૦૯

શહેરના નરોડા-દહેગામ રોડ પર આવેલા પારઢોલ ગામમાં પાણીના હોજની દિવાલ એકાએક ધરાશાયી થતાં દુર્ઘટના સર્જય હતી. અચાનક બનેલી આ દુર્ઘટનામાં દિવાલ નીચે બે બાળકી દટાઈ ગઈ હતી જેમાં ચાર વર્ષીય બાળકીનું ગંભીર ઈજાના પગલે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય એક બાળકીને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે જ્યારે બે બાળકીની માતા આ દુર્ઘટના બાદ બેભાન થઈ જતાં તેમને પણ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, આજે સવારે નરોડા-દહેગામ રોડ પર આવેલા પારઢોલ ગામમાં પાણીના હોજની દિવાલ નીચે ચાર વર્ષીય કષક ઉર્ફે સાલુ પસાભાઈ ઠાકોર તેમજ ૧૪ વર્ષીય દેવકી પસાભાઈ ઠાકોર દબાઈ ગયા હતા. એકાએક બનેલી દુર્ઘટનાના બગલે સ્થાનિક લોકો દોડી આવીને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. આ દુર્ઘટનામાં ચાર વર્ષીય કષક ઉર્ફે સાલુને ગંભીર ઈજાના પગલે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે ૧૪ વર્ષીય દેવકીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઈ છે અને કોઈ પણ બાળકની માતા એ સહન ન કરી શકે કે તેનું બાળક તેની નજર સામે ઘાતકી રીતે મોતને ભેટે અને જ્યારે ચાર વર્ષીય માસુમ કષકનો મૃતદેહ જોતાં જ તેની માતા આઘાતમાં સરી પડી હતી અને તેમને પણ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# મુળભૂત સમસ્યાઓને લઈને ઇસનપુરના લોકોનો મોરચો

### ચાંદખેડા-ઈસનપુર વોર્ડના અનેક લોકોનો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મોરચો : જુદી જુદી માંગણીને લઈ રજુઆત

અમદાવાદ, તા.૦૯

અમદાવાદ શહેરમાં ચાંદખેડા મોટેરા વોર્ડનો મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવેશ થયા બાદ પણ મ્યુનિ. કોર્પો. દ્વારા તે વોર્ડમાં પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી એટલે કે ચાંદખેડા-મોટેરા વોર્ડના લોકોને પ્રાથમિક સુવિધાથી વંચિત રાખવામાં આવ્યા છે. તેઓને મૂળભૂત સેવાઓ પાણી, ડ્રેનેજ લાઈન, લાઈટો જેવી સુવિધાઓ પ્રાપ્ત થતી ન હોવાને લીધે તેઓ તા. ૨ ડિસેમ્બર સોમવારના રોજથી ૭૨ કલાકના ઉપવાસ ઉપર ઉતર્યા હતા. ચાંદખેડા વોર્ડના વિસ્તારમાં દલિત સમાજના રહીશો દ્વારા સોમવારના રોજ મ્યુનિ. કોર્પોરેશનના મોરચો આવ્યો હતો જેમાં તેમને મ્યુનિ.કમિશ્નર સમક્ષ પોતાના મૂળભૂત સુવિધાઓ ન મળવાની વાત રજુ કરી હતી. જેમાં પીવાનું પાણી ન મળતું હોવાનું જણાવ્યું હતું તેમજ ડ્રેનેજ લાઈનનો અભાવ અને લાઈટોની સુવિધા ન હોવાને કારણે છોકરીઓ બહાર પણ નીકળી શકતી નથી. મ્યુનિ. કમિશ્નર ડો. ગુરૂપ્રસાદ મહાપાત્રએ જણાવ્યું હતું કે તે વિસ્તારમાં ૧૫ ટકામાં જ પાણી આપી શકીએ છીએ. બીજી બાજુ ઈસનપુરની પરેશ પાર્ક અને પ્રેરણા વિભાગમાં ૪૦ ફુટ રોડ પહોળો કરવા માટે કપાત કરવામાં આવનારી છે. જેનો મોરચો પણ સોમવારના રોજ મ્યુનિ. કોર્પો. ખાતે આપ્યો હતો જેમાં તેઓએ પોતાના રોડ કપાતમાં જશે તો બેઘર થઈ જશે તે અંગે રજુઆત કરી હતી. રોડ બે સાઈડથી કપાત કરવાનો હોય તેની જગ્યાએ એક જ સાઈડથી કપાત કરવામાં આવી રહ્યો છે જેના લીધે ૭૦થી વધુ પરિવારોને નુકશાન થશે.



**ભાવનગરની શિશુવિહાર સંસ્થાએ ૭૫માં વર્ષમાં મંગલ પ્રવેશ**

ભાવનગર ખાતે સેવાકીય પ્રવૃત્તિઓ કરતી શિશુવિહાર સંસ્થાએ ૭૫ વર્ષમાં મંગલ પ્રવેશ કરતા પૂજ્ય મોરારીબાપુ દ્વારા દિપ પ્રાગટય કરી સંસ્થાના કાર્યોને ઉજાગર કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિશુ વિહાર સંસ્થા દ્વારા ભાવનગરમાં દેહદાન, ચક્ષુદાન, રકતદાન, વૃધ્ધાશ્રમ, બર્ન્સવોર્ડ જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમજ ભાવનગરની પ્રજામાં જાગૃતિ લાવવાના હેતુથી ૧૯૩૫માં આનંદ મંગલ મંડળની પ્રવૃત્તિ એ વિશાળ જયોત રૂપે આકાર લીધો છે. ભાવનગરની આગવી ઓળખ ધરાવતી શિશુવિહાર સંસ્થાની સેવાને ૭૫માં વર્ષે આગળ ધપાવતા પૂજય મોરારિબાપુના આશીર્વાદથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સદી બનાવી ચૂકેલા સ્વાતંત્ર્ય સેનાની પ્રેમશંકરભાઈ, રવિન્દ્રભાઈ જાની તેમજ સંસ્થાના પ્રમુખ ડૉ. નિર્મળભાઈ વકીલ અને મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટ સહિત સંસ્થાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર તાલુકાના સેજલપુરા ગામની મહિલા તલાટીને ફોન કરી પજવણી કરતા છ શખ્સો સામે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી. જોકે, મહિલા તલાટીએ છટકું ગોઠવી એક રોમિયોને તો રંગેહાથે ઝડપી લઈ પોલીસને હવાલે કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. દરમિયાન ગતરોજ મહિલા તલાટીની સાથી મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપવાની ફરીયાદ પણ નોંધાવવા પામી છે. ત્યારે આજે ગ્રામજનોએ મહિલા તલાટી દ્વારા ખોટી ફરીયાદો કરી કનડગત થતી હોવાની રાવ સાથે ડી.ડી.ઓ. અને અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયિક તપાસ કરવાની માંગ કરતા સમગ્ર મામલો ચર્ચાની એરણે ચડ્યો છે.

# હવે પત્ની જાનકીના નિવેદનથી નારાયણ સાંઈ વધુ મુશ્કેલીમાં


### સૂરત પોલીસે સમન્સ જારી કર્યા બાદ પૂછપરછ : સાંઈની લંપટલીલા અંગે ચોંકાવનારી માહિતી આપી : ઉંડી તપાસ

અમદાવાદ, તા.૦૯

બળાત્કારના કેસમાં વોન્ટેડ અને ગંભીર આક્ષેપનો સામનો કરી રહેલા નારાયણ સાંઈની મુશ્કેલીમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સૂરત પોલીસે આજે નારાયણ સાંઈની પત્ની જાનકીને સમન્સ પાઠવીને પુછપરછ માટે બોલાવી હતી. પુછપરછ દરમિયાન જાનકીએ નારાયણ સાંઈની પાપલીલાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જાનકીના નિવેદન બાદ નારાયણ સાંઈ પર સકંજો વધુ મજબુત બની ગયો છે. સમન્સ જારી કરવામાં આવ્યા બાદ જાનકી ક્રાઈમબ્રાંચની ઓફિસમાં પોતાના વકીલ સાથે પહોંચી હતી. દોઢ કલાકથી પણ વધુ સમય સુધી જાનકી ક્રાઈમ બ્રાંચની ઓફિસમાં રહી હતી. જમના સાથેના આડા સંબધ અને મોક્ષના જન્મના પગલે જાનકી નારાયણ સાંઈથી હાલમાં અલગ રહેતી હતી. નારાયણ સાંઈના ઘણી મહિલાઓ સાથે સંબંધ હોવાની વાત પણ સપાટી પર આવી ચુકી છે.

જાનકીએ પણ જમના સાથેના સંબંધો સામે વાંધો ઉઠાવ્યો હતો અને અલગ રહેવાની શરૂઆત કરી હતી. નારાયણ સાંઈની લંપટલીલાઓ એટલી હદે વધી હતી કે તે એકથી વધુ મહિલાઓ સાથે સંબંધો ધરાવતો હતો. તાજેતરમાં જ નારાયણ સાંઈની બે મહિના સુધી ફરાર રહ્યા બાદ ધરપકડ કરી લેવામાં આવી હતી. હાલમાં તેની પુછપરછ ચાલી રહી છે. પુછપરછ દરમિયાન નારાયણ સાંઈ કબૂલાત કરી ચુક્યો છે કે પોલીસને થાપ આપવા માટે તે વેશ બદલીને રહેતો હતો. નારાયણ સાંઈ અંગે પત્નીના નિવેદનથી નારાયણ સાંઈ પર સકંજો મજબુત બન્યો છે. સૂરતની બે બહેનો દ્વારા બળાત્કારની ફરિયાદ નોંધાયા બાદ નારાયણ સાંઈ મુશ્કેલીમાં મુકાયો હતો. બળાત્કારના કેસના સંબંધમાં આસારામ પહેલાથી જ જોધપુરની જેલમાં છે. હવે પુત્ર નારાયણ સાંઈ પણ પોલીસ સકંજામાં આવી ચુક્યો છે. સમગ્ર મામલામાં નારાયણ સાંઈના નજીકના સાથીઓની પણ પુછપરછ ચાલી રહી છે.

## શબ્દાવલી - ૫૨૫૨





**આડી ચાવી**

૧. રખડપટ્ટી (૫)
૫. ગુનો, કસૂર (૨)
૭. આરો, કિનારો (૨)
૮. એક કંદ (૩)
૧૦. અધિરાઇ, આતુર હોવું તે (૪)
૧૧. મહાદેવ, શંકર (૨)
૧૨. પગારમાંથી અમુક રકમ બાદ થઇને આવે તેને... રકમ કહેવાય (૩)
૧૪. પવિત્ર કરનાર (૩)
૧૫. છોડનો નવો અંકુર ફૂટે તે પાન (૩)
૧૬. ધાર્મિક પુસ્તક, મુખ્ય ચાર... (૨)
૧૮. રામ... હતા (૩)
૨૦. ધૃણા (૪)
૨૩. ટીબીનો એક રોગ (૨)
૨૪. નાવ ચાલક (૩)

**ઊભી ચાવી**

૧. હિરામાણેક, કિમંતી ચીજ (૩)
૨. ત્વરીત (૨)
૩. પાળેલું (૩)
૪. તકરાર (૩)
૬. આમીર-જુહીની એક ફિલ્મ... સે... તક (૪)
૯. 'પક્તાણ' શબ્દ ઊંધો છતો (૪)
૧૦. પગાર કે કમાણી (૩)
૧૧. ...એ બધા શક્કરીયા-બટાકા ખાય અને ભાંગ પીએ (૪)
૧૩. પાળી, પાણી પહેલા... બાંધવી સારી (૨)
૧૫. સોનુ, હેમ (૩)
૧૭. વરસાદની રાહ જોતું એક પંખી (૩)
૧૮. માફી (૨)
૧૯. કુબેરનો અનુચર (૨)
૨૧. કુરબાન થવું (૨)
૨૨. સૂર્ય, ભાસ્કર (૨)

**શબ્દાવલી ૫૨૫૧ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ઇસબગુલ (૫) જૂન (૭) નવાબ (૮) પકવાન (૧૦) ડાટી (૧૨) ડાટી (૧૩) ટપકવું (૧૬) દાવત (૧૮) ઓશિયાળુ (૧૯) સજળ (૨૦) ત્વત (૨૧) બદચલન
**ઊભી ચાવી :-** (૧) ઇનકાર (૨) સવા (૩) બબડાટ (૪) લપ (૫) જુવાર (૬) નન (૯) કડવુ (૧૧) ટીપણુ (૧૪) માયાળુ (૧૫) માવજત (૧૬) દાસત્વ (૧૭) તળ (૧૮) આલોદ

# રન ફોર યુનિટીનો જિલ્લા સ્તરનો કાર્યક્રમ સાણંદમાં

અમદાવાદ, તા.૦૯

અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલનું ઐતિહાસિક ઋણ સ્વીકાર કરવાના ભાગરૂપે સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ થવાનું છે. જેના ભાગરૂપે આગામી તા. ૧૫મી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ સમગ્ર રાષ્ટ્ર સહિત રાજ્યમાં રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાનાર છે. જેનો સૌથી વધુ લોકો દોડમાં ભાગ લઈને વિશ્વ રેકોર્ડ સર્જશે. સરદાર સાહેબની યાદ તાજી કરવા માટે શાળા-કોલેજોમાં નિબંધ સ્પર્ધા, નાટક સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજાશે. આ અભિયાનમાં દરેક ગામનો દરેક વ્યક્તિ સામેલ થાય તે માટે રાજ્ય સરકારે આગવી પહેલ ઉપાડી છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક જિલ્લામાં વિવિધ કમિટીની રચના કરવામાં આવી છે. રન ફોર યુનિટી માટે અમદાવાદ જિલ્લામાં સાણંદ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાનાર છે તે જ રીતે અમદાવાદ મહાનગરમાં સરદારભવનથી પ્રારંભ થઈ રિવરફ્રન્ટ સુધીનો રન ફોર યુનિટનો કાર્યક્રમ યોજાનાર છે.

## ભારે અનિશ્ચિતતા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેને વધુ ચાર સભ્યોની જરૂર ૭૦ સભ્યોની વિધાનસભામાં ૩૬ના જાદુઈ આંકડા સુધી પહોંચવાની જરૂર છે. કોંગ્રેસે આઠ બેઠકો જીતી છે. જનતાદળ યુનાઈટેડે એક બેઠક જીતી છે જ્યારે મુંડકા બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવી છે. સાદી બહુમતી હાંસલ કરવા માટેની સંખ્યા ન હોવાના લીધે ભાજપે સરકાર રચવાનો દાવો કર્યો નથી. ભાજપે કહ્યુ છે કે તે હોર્સ ટ્રેડિંગ અથવા તો સભ્યોની ખરીદીની પ્રક્રિયામાં પડશે નહીં. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસમાંથી કોઈને લાવવાની તેની કોઈ યોજના નથી. હોર્સ ટ્રેડિંગમાં પડવાના બદલે વિરોધ પક્ષમાં અમે રહીશું તેવો દાવો ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર હર્ષવર્ધને કર્યો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં નવેસરથી ચૂંટણી યોજાય તેવી સ્થિતીનુ નિર્માણ હવે થઇ રહ્યું છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ગઈકાલે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. પરિણામ અસ્પષ્ટ રહેતા સરકારની રચના કરવા માટે કોઈ પણ તૈયાર નથી. એકબાજુ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને સપાટી પર આવી છે પરંતુ તે બહુમતિના આંકડાથી સહેજમાં દુર રહી ગઈ છે. બીજી બાજુ અભૂતપૂર્વ દેખાવ કરીને તમામને ચોંકાવી દેનાર અરવિન્દ કેજરીવાલની આમ આદમી પાર્ટી તેના એજન્ડા સાથે કોઈ બાંધછોડ કરવા માટે તૈયાર નથી. તે કોઈની સાથે મળીને સરકાર રચવા માટે ઈચ્છુક નથી. આવી સ્થિતીમાં દિલ્હીમાં ફરી એકવાર વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી સ્થિતીનુ નિર્માણ થઈ રહ્યું છે. આમ આદમી પાર્ટીએ ૨૮ બેઠકો જીતી છે. જ્યારે ભાજપ ૩૨ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવી છે. પરંતુ ભાજપ સરકાર રચવા માટે તૈયાર નથી. તે કોઈની મદદ લેશે નહી. લેફ્ટી. ગવર્નર નજીબ જંગ સરકારની રચના કરવા ભાજપને આમંત્રણ આપવા તૈયારી કરી રહ્યા છે પરંતુ ભાજપ આમંત્રણ સ્વીકારે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. તે બહુમતિના આંકડાથી ચાર સીટ પાછળ છે. ભાજપના મુખ્યપ્રધાનપદના ઉમેદવાર હર્ષ વર્ધન કહી ચુક્યા છે કે તેઓ કોઈ પણ સરકાર રચવાની પ્રક્રિયામાં ભાગ લેશે નહી. કારણ કે આમારી પાસે સંખ્યા નથી. અમે મતદારોને આપેલા વચનો પાળી શકીશુ નહી. અમે નિસહાય દેખાઈ રહ્યા છીએ. એવા સંકેત મળી રહ્યા છે કે ભાજપની કેન્દ્રિય નેતાગીરી સરકારની રચનાની કવાયતમાં પડશે નહી.

## લાઈન લાગી..

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાહનોની લાંબી લાઈન લાગી જતાં કર્મચારીઓ અધિકારીઓને મુશ્કેલી વેઠવી પડતી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ જિલ્લા પોલીસ વડા દ્વારા સચિવાલયના પ્રવેશદ્વાર પર ફરજ પરના પોલીસ કર્મીઓ દ્વારા ચેકીંગ થાય છે કે નહીં તે ચકાસવા એક વાહન મોકલાયું હતું જે ચેકીંગ કર્યા વગર જ જવા દેવામાં આવતાં બે પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં. પોલીસ કર્મીઓ સામે પગલાં ભરવામાં આવતાં સચિવાલયના પ્રવેશદ્વાર પર ફરજ બજાવતા સુરક્ષા કર્મીઓ ચોકન્ના બની ગયા છે અને સચિવાલયમાં પ્રવેશતા તમામ ફોર વ્હીલર વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

## ૯૯.૫૬ ટકા પરિણામ..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાંદખેડા કેન્દ્ર પરથી પણ ૬૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૪ વિદ્યાર્થીઓનો એ-વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જયારે કલોલ કેન્દ્ર પરથી ૪૭૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ ઉપરાંત માણસા કેન્દ્રમાંથી ૨૩૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા આ પૈકી એ-વન ગ્રેડમાં એક પણ નહીં અને એ-૨ ગ્રેડમાં એક વિદ્યાર્થીનો સમાવેશ થયો છે. ગાંધીનગર શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ પણ એ-૧ ગ્રેડમાં ઝળકયા છે.

## ઓજારો આપશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્માણમાં ઉપયોગ કરાશે. ગુજરાતમાં નર્મદા નદી ઉપરના સરદાર સરોવર બંધ નજીક સાધુ બેટ ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વમાં અત્યાર સુધીની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ થઈ રહ્યું છે જેનો શિલાન્યાસ ગત ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૩ સરદાર પટેલ જયંતિના દિને મુખ્યમંત્રીએ કર્યો હતો. આનંદીબેન પટેલના નેતૃત્વમાં મહારાષ્ટ્ર રાજ્યની મુલાકાતે ગયેલ ગુજરાતના પ્રતિનિધિ મંડળમાં જયશ્રીબેન પટેલ, સાંસદ સી.આર. પાટીલ સાંસદ ઋષિકેશ પટેલ, ધારાસભ્ય આર.એમ. પટેલ, ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય હિરાભાઈ સોલંકી ધારાસભ્ય નિરંજનભાઈ ઝાંઝમેરા, મેયર સુરત, રમીલાબેન બારા, અગ્રણી તેમજ દિલીપભાઈ રાવલ, કમિશ્નર સહકાર અને રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે.

## આઈઆઈટીમાં અભ્યાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માર્ગદર્શન મળી રહે છે. નિયમિત વાંચન તેમજ એડવાન્સ રીવીઝનનો પણ મુખ્ય ફાળો છે. શાળામાં સપ્તાહ દરમિયાન પરીક્ષા ઉપરાંત 'ડીફીકલ્ટી સેશન'ના લીધે વિદ્યાર્થીને મુંઝવણ રહેતી નથી પ્રથમ સેમેસ્ટરમાં પણ આદીત્યએ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ હતું.

આગળ આઈ.આઈ.ટી.માં અભ્યાસ કરવાની ખેવના ધરાવતા આદીત્યના મતે નિયમિત વાંચન અને ડીફીકલ્ટીઝ સ્ટોર કર્યા સિવાય સોલ્વ કરવાથી પરિણામ સારું જ આવે છે. તેણે શાળાના શિક્ષક આર.આર. પટેલ, ડી.બી. પટેલ, નયન ત્રિવેદી, સંજય સુખડીયા તેમજ મૌલિન ત્રિવેદી અને આચાર્ય ચતુરભાઈ પટેલને પણ પોતાના તેજસ્વી પરિણામ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ નં. એસકે/૨૪ વર્ષ ૨૦૧૩-૧૪**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં. ૨, બ્લોક નં.૯ની નજીક, ન્યુ સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૩૨ દ્વારા નીચેના કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ નં. | કામની વિગત | ૧) અંદાજીત રકમ<br>૨) ઈજારદારશ્રીની શ્રેણી |
|---|---|---|
| ૧. | સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી બ્લોક નં.૧૨, ત્રીજો માળ, ડૉ. જે.એમ. ભવન જુના સચિવાલય, ગાંધીનગરની કચેરીમાં મોડ્યુલર ફર્નિચર તથા પાર્ટીશન કરવાનું કામ | ૧) રૂ. ૨૪.૩૨ લાખ<br>૨) ટેન્ડર દસ્તાવેજો મુજબ યોગ્યતા ધરાવતા ઉત્પાદકો |

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ wwww.rnb.nprocure.com ઉપરથી તા. ૨૪/૧૨/૨૦૧૩ ૧૮:૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે. ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમની એફ.ડી. આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડૉક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાનાં રહેશે. ઓનલાઈન સ્કેન કરેલ ડોક્યુમેન્ટ જ માન્ય ગણવામાં આવશે. અલાયદી હાર્ડ કોપી સ્વીકારવામાં આવશે નહીં. તેમજ ઓનલાઈન સ્કેન કરેલ યોગ્યતાના દસ્તાવેજો (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી ટેન્ડર અપલોડીંગની તારીખથી દિન-૭માં મળે તે રીતે કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે. વધારાની માહિતી, સુધારા વધારા અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ સાઈટ જોવા વિનંતી છે. *માહિતી/૧૮૯૦/૧૩-૧૪*